# પરિવાર અને સોળ સંસ્કાર

**ડો. જિજ્ઞેશ બી. પટેલ**
એસોસિએટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
મો : 9429429550 Email:– drjigp@gmail.com

આપણી ભારતીય સંસ્કૃતિ એ પ્રાચીન સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિનો ચિરંજીવ હું તો તેના સમુદ્ર જેવા સંસ્કાર વારસાને કારણે છું. આપણા ઋષિ–મુનિઓએ અત્યંત કઠોર સાધના કરીને મનુષ્ય જીવન સંબંધિત સનાતન સત્યને અને પ્રાકૃતિક નિયમોને જીવનશૈલીનો એક ભાગ બનાવી દીધો છે. આપણા શાસ્ત્રોમાં ઉલ્લેખ છે તે મુજબ અને ઋષિમુનિઓના અનુભવ જ્ઞાનના આધારે માનવનું આયુષ્ય સો વર્ષનું બતાવ્યું છે. મનુષ્યના જીવનના આરંભથી અંત સુધી તે જીવનના જુદા જુદા તબક્કે પોતાના કાર્ય માટે યોગ્ય બનાવવાની પ્રક્રિયાને સંસ્કાર કહે છે.

સામાન્ય રીતે રોજિંદા જીવનમાં સંસ્કાર શબ્દનો ઘણો ઉપયોગ થાય છે. પણ રોજિંદા જીવનમાં પ્રજાજનો તેનો ઘણો સંકુચિત અર્થ કરે છે. રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતા 'સંસ્કાર' શબ્દનો અર્થ 'સારી ટેવ' અથવા 'સારી વર્તણૂક' એવો કરવામાં આવે છે. વાસ્તવમાં સંસ્કાર શબ્દનો અર્થ શાસ્ત્રોમાં અતિ વિસ્તૃત સ્વરૂપમાં સમજાવવામાં આવ્યો છે. સંસ્કાર શબ્દની સંધિ છૂટી પાડીને તો, **સમ્+કૃ**એટલે કે યોગ્ય બનાવવું. પાણિની ના ગ્રંથમાં સંસ્કાર શબ્દોનો ઉપયોગ અલંકારના અર્થમાં કરવામાં આવ્યો છે. તે મુજબ સંસ્કાર શબ્દનો અર્થ થાય છે "જેના દ્વારા શરીરાદિસુભાષિત (અલંકૃત) થાય છે.

સંસ્કાર શબ્દની વ્યાખ્યા કરતા શબરઋષિએ જણાવ્યું છે કેસંસ્કારો નામ **"સ ભવતિયસ્મિન્જાતેપદાર્થોભવિત યોગ્ય: કસ્યચિદર્થસ્ય"**એટલે કે જેની ઉત્પત્તિ થતા કોઈ પદાર્થ કે વ્યક્તિ કોઈપણ કામ માટે સુયોગ્ય બને છે તેને સંસ્કાર કહે છે. સંસ્કાર એ કોઈ કર્મકાંડ નથી અપિતુ શ્રેષ્ઠ માનવ નિર્માણ માટેનું એક સશક્ત માધ્યમ છે. સંસ્કારનો માનવની ચેતના સાથે ઘનિષ્ઠ સંબંધ છે. જેના થકી માણસનો શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આત્મિક વિકાસ સંભવ બને છે.

સંસ્કાર એક બાજુ જીવન જીવવાની કળા શીખવે છે એટલે કે વ્યક્તિત્વનું નિર્માણ કરે છે, તો બીજી બાજુ શરીર, મન, બુદ્ધિ અને ચેતનાના સ્તર ઉપર માનવને નૈતિક બનાવી તેઓમાં સમાજના સ્તરને ઉચ્ચ બનાવી રાખવાની ભાવના કેળવે છે. એટલા માટે જ સમાજના પ્રત્યેક નાગરિકે સંસ્કાર વિશેની સાચી અને વિસ્તૃત સમજ કેળવવાની આવશ્યકતા છે.

**સોળ સંસ્કાર:**

આત્મા શરીરના માધ્યમથી પ્રગટ થાય છે એટલે કે શરીર નામના ઘરમાં આત્મા રહે છે. અર્થાત શરીર, મન, બુદ્ધિ, ચિત્તને યોગ્ય કરવાની પ્રક્રિયા એટલે સંસ્કાર.આ સંસ્કારો કુલ

સોળ (૧૬)છે. આપણા વેદો અને શાસ્ત્રોમાં સંસ્કારો અંગે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. સોળ સંસ્કારો માટે વ્યાસ સ્મૃતિમાં એક શ્લોક છે.

વર્તમાન સમયમાં ઉપરોક્ત જણાવેલ સોળ સંસ્કારો માત્ર કર્મકાંડ જ રહી ગયા છે અને કેટલીક જગ્યાએ તો કર્મકાંડ સ્વરૂપે પણ લુપ્ત થઈ ગયા છે. ઉપરના સોળ સંસ્કારમાંથી પ્રથમ ત્રણ સંસ્કાર માતા પિતા ના માધ્યમથી બાળક પર થાય છે. જાતકર્મ સંસ્કારોની છાપ સીધી બાળક પર પાડવામાં આવે છે.

**૧. ગર્ભાધાન સંસ્કાર**

પતિ પત્નીના મનમાં સંતાન પ્રાપ્તિની ઈચ્છા થાય ત્યારે ગર્ભાધાન સંસ્કાર કરવો જોઈએ. શ્રેષ્ઠ સંતાન પ્રાપ્ત કરવું તે ગૃહસ્થ જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. શ્રેષ્ઠ સંતાન માટે પતિ–પત્નીના શરીર, મન, બુદ્ધિ અને ચિત્તને યોગ્ય કરવાની પ્રક્રિયાને ગર્ભાધાન સંસ્કાર કહે છે. અર્થાત, ગર્ભાધાન સંસ્કાર પતિ–પત્નીને યોગ્ય માતા–પિતા બનાવવાની પ્રક્રિયા છે. ગર્ભાધાન સંસ્કાર માટે સ્ત્રી ગર્ભ ધારણ કરે તે પહેલા ઓછામાં ઓછી છત્રીશ (36)વખત રજસ્વલા થયેલી હોવી જોઈએ તેવો પણ ઉલ્લેખ છે. ગર્ભાધાન સંસ્કાર પતિ પત્નીના મનમાં સંતાનપ્રાપ્તિની ઈચ્છા થાય ત્યારે પત્નીને રજોદર્શન થયાના પાંચમા દિવસે આ સંસ્કાર કરવો જોઈએ.

ગર્ભાધાન સંસ્કારથી ગર્ભાશયની શુદ્ધિ થાય છે. સાથે સાથે તે મજબૂત પણ બને છે. પતિ–પત્નીના ચિત્ત પર શ્રેષ્ઠ સંતાન ઉત્પન્ન કરવાના સંસ્કાર પડે છે. સાથે સાથે તેમનામાં ઉત્તરદાયિત્વની ભાવના પણ કેળવાય છે.આ રીતે પતિ પત્ની શરીર, મન, પ્રાણ, બુદ્ધિ અને આધ્યાત્મની દ્રષ્ટિથી માતા પિતા બનવા સક્ષમ થાય છે.

**૨. પુસંવનસંસ્કાર**

ગર્ભાધાન સંસ્કાર બાદ ગર્ભ ધારણની નિશ્ચિત થયા પછી આ સંસ્કાર કરવો જોઈએ. ગર્ભાશયમાં ગર્ભનું સ્થાપન થયા પછી ગર્ભ ઉપર પુસંવનસંસ્કાર કરવામાં આવે છે. માતા ના માધ્યમથી આ સંસ્કાર ગર્ભસ્થ શિશુ પર કરવાથી ગર્ભ દોષમુક્ત બને છે. પુસંવનસંસ્કાર ના માધ્યમથીવંશાનુગતરોગોનાજનીનદ્રવ્યોનો પ્રભાવ દૂર કરી સ્વસ્થ જનીન દ્રવ્ય પ્રભાવી બને છે જેથી વારસાગત રોગ થી બાળકને બચાવી શકાય છે. મોટેભાગેપુસંવનસંસ્કાર નો અર્થ પુત્ર પ્રાપ્તિ છે તેવી માન્યતા સમાજમાં બંધાઈ ગઈ છે. પરંતુ હકીકતમાંપુસંવન સંસ્કાર નો અર્થ પુરુષત્વ પ્રાપ્ત કરવા માટેના સંસ્કાર એવો થાય છે. આવનાર બાળક પુત્ર હોય કે પુત્રી પરંતુ, તે બળવાન, વીર્યવાન બને એ માટેની પ્રક્રિયા એટલે પુસંવનસંસ્કાર. આ સંસ્કાર ગર્ભાવસ્થાની જાણ થયા પછી બીજા કે ત્રીજા મહિને જ આ સંસ્કાર કરવો જોઈએ.

**૩.** સીમંતોન્નયન **સંસ્કાર**

વર્તમાનમાં લોકોને સીમંતોન્ન્યન સંસ્કાર ની જાણકારી હોવાના કારણે તેને શ્રીમંત પ્રસંગ કહે છે. શ્રીમંત નો અર્થ ધનવાન થાય છે પરંતુ વાસ્તવિક શબ્દ સીમંત છે. જેનો અર્થ થાય છે વાળને ઉપર ઉઠાવવા. સીમંતોન્નયનનો અર્થ થાય છે – સીમંત એટલે કેસ અથવા વાળ

તથા ઉન્નયન એટલે ઉપર ઉઠાવવું. પ્રાચીન પરંપરામાં આ સંસ્કાર વિધિ ના સમયે પતિ પોતાની પત્નીના કેસને સરખા કરતા અને ઉપરની બાજુ ઉઠાવતા હતા. આ સંસ્કારને સીમંતોન્નયન સંસ્કાર કહે છે. ગર્ભાવસ્થાના સાતમા મહિનામાં આ સંસ્કાર કરવામાં આવે છે. છઠ્ઠા મહિના સુધીમાં બાળકના બીજા અગ્ર ઉપાંગોનો વિકાસ થઈ ગયો હોય છે. હવે માથાના બે ભાગો ને જોડતી સીમા નું બંધારણ શરૂ થતું હોય છે તેથી સીમંત શબ્દ પ્રયોજાય છે.
સગર્ભા સ્ત્રીએ આ સમયે માનસિક સ્વસ્થતા પણ કેળવવાની છે. પ્રસુતિ થી નજીકનો આ સમયગાળો હોવાથી તેનું મન શાંત અને આનંદિત રહે તે જરૂરી છે. વળી, આ સમયે પરિવર્તનની પ્રક્રિયા પણ શરૂ થઈ જવાથી માતાને વિચિત્ર અનુભવો થાય છે. આ સમયે માતાજો તણાવમાં આવી જાય અને આઠમાં માસમાં પ્રસુતિ થઈ જાય તો બાળકનું મૃત્યુ થવાની શક્યતા રહે છે. ઘણીવાર માતા અને બાળક બંનેનો જીવ જોખમાય તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ શકે છે. માટે આ સમયે સગર્ભાને પોતાના મનની વાત કહી શકે તેવી કોઈ અનુભવી સ્ત્રીની સાથે રાખવી અથવા રહેવું તેના માટે હિતાવહ છે એટલા માટે જ આ સંસ્કાર બાદ માતાના ઘરે જવાનો રિવાજ છે.

**૪. જાતકર્મ સંસ્કાર**

બાળકના જન્મ સમયે નાળછેદન પહેલાં આ સંસ્કાર કરવામાં આવે છે. ગર્ભાધાન, પુસંવનઅને સીમંતોન્નયન સંસ્કાર માતા દ્વારા ગર્ભસ્થ શિશુ પર કરવામાં આવે છે. જાતકર્મ સંસ્કાર નવજાત શિશુ પર કરવામાં આવે છે. પ્રસૂતિ સમયે માતાને તીવ્ર કષ્ટ થાય છે તેનાથી પણ વધારે કષ્ટ બાળકને થાય છે. આ શારીરિક તથા માનસિક કષ્ટના કારણે તેનામાં કફદોષ વધી જાય છે. આ ઉપરાંત માતાના આહાર–વિહારના દોષોને કારણે શિશુના આંતરડામાં જૂનો મળ જમા થઈ જાય છે. એટલા માટે આપણે ત્યાં શિશુના જન્મ પછી થોડા સમય બાદ અને નાળ છેદન પહેલા શિશુના મુખમાં ગાયનું ઘી અને મધ શ્રેષ્ઠ ઔષધી તરીકે મૂકવામાં આવે છે.

**પ. નામકરણ સંસ્કાર**

જન્મથી દશમા દિવસે નામકરણ સંસ્કાર થાય છે. નામકરણ સંસ્કાર એટલે શિશુનું નામ નક્કી કરવું. વ્યક્તિનું નામ એની સાથે જીવનપર્યંત રહે છે અને મૃત્યુ બાદ પણ કેટલાય વર્ષો સુધી નામથી તેની ઓળખ થાય છે. શિશુનું નામ ગુણ આધારિત, પ્રકૃતિ આધારિત અથવા દેવી–દેવતાઓના નામને લગતું રાખવું જોઈએ. નામનો કોઇ અર્થ જ ન થતો હોય તેવું નામ ના રાખવું જોઈએ. આજકાલ અંગ્રેજીના મોહમાં આવીને માતા–પિતા બાળકનું નામ પણ અંગ્રેજી ભાષાનાપ્રભાવવાળું જ રાખવા ઈચ્છતા હોય છે. ઉદાહરણ તરીકે– પિંકી, હની, જીયા વગેરે. ખરેખર બાળકના નામમાં માતા–પિતાની શુભકામનાઓ હોય છે સાથે સાથે બાળકના નામનો પ્રભાવ તેના સ્વભાવ ઉપર પણ પડે છે જેથી તે પોતાના નામનો પ્રભાવ જીવનમાં પ્રભાવ જુએ છે.

### ૬. નિષ્ક્રમણ સંસ્કાર

નિષ્ક્રમણ એટલે નીકળવું. આ સંસ્કાર નવજાત શિશુને પ્રથમવાર કુમારાગારની બહાર લઈ જવાની પ્રક્રિયાને કહે છે. જન્મ બાદ નવજાત શિશુ ૨૨ કલાક સુવે છે. આ સમયે બાળક ઊંઘવાની અને દૂધ પીવાની જ પ્રક્રિયા કરે છે. એને હાથ પગ હલાવતા કે રમતા આવડતું નથી. આ સમયે બાળકનો તીવ્ર ગતિથી વિકાસ થાય છે. આથી બાળકને ત્રણ મહિના કુમારાગારમાં રાખવામાં આવે છે. ક્યાંક ક્યાંક જન્મના સવા મહિના બાદ સુવાવડી સ્ત્રી પોતાના કક્ષમાંથી પ્રથમ વખત ઘરમાંથી બહાર નીકળે ત્યારે આ સંસ્કાર વિધિ કરવામાં આવે છે. બાળક આ નવી દુનિયાના સંપર્કમાં પ્રથમવાર આવે ત્યારે બાળકને પ્રથમ શું બતાવવું, સંભળાવવું એ દ્રષ્ટિથી આ સંસ્કાર અત્યંત અગત્યનો છે. આ પ્રથમ અનુભવની બાળકના ચિત્ત પર ઊંડી અસર થતી હોય છે. આ દ્રષ્ટિ પ્રાકૃતિક અવાજો, નદીના જળનો અવાજ, પક્ષીઓનો મધુર કલરવ, ઝાડ પાંદડા ના અવાજો, સૂર્યોદય તથા સૂર્યાસ્ત વગેરે બતાવવું તથા સંભળાવવું જોઈએ.

### ૭. અન્નપ્રાશન સંસ્કાર

બાળકને જ્યારે પ્રથમ વાર અન્ન આપવામાં આવે છે તેને અન્નપ્રાશન સંસ્કાર કહે છે. જન્મથી છઠ્ઠા મહિને આ સંસ્કાર કરવામાં આવે છે. અન્ન ખાવાની પ્રક્રિયાને આપણે ત્યાં સંસ્કાર માનવામાં આવ્યો છે. શરીરની વૃદ્ધિ અને વિકાસ માટે જ અન્નનું મહત્વ છે તેવું નથી અપિતુ શ્રેષ્ઠ વિચારો પર પણ અન્નની અસર થાય છે. એટલા માટે જ આપણે ત્યાં કહ્યું છે કે– " જેવું અન્ન તેવું મન"સુવાક્ય પ્રચલિત છે. જેવું અન્ન તેવા વિચારો અને જેવા વિચારો તેવો વ્યવહાર. માટે બાળકને અન્નપ્રાશન સંસ્કાર માતાના હાથે કરાવવામાં આવે છે. માતા પોતાની ભાવના અને વાત્સલ્યથી ભોજન કરાવે છે. તેનો પ્રભાવ બાળક પર પડે છે એટલે કે માતાના મનોભાવ બાળકના ભોજન પર પ્રભાવ પાડે છે. છઠ્ઠા મહિનાથી બાળકની શારીરિક વૃદ્ધિ અને ગતિવિધિ અત્યંત તીવ્ર થઇ જાય છે. જેથી માતાનું દૂધ પૂરું થતું નથી. આથી અન્ય ઉપરી આહારની જરૂર રહે છે. માટે આ સમયે અન્નપ્રાશન સંસ્કાર કરવામાં આવે છે.

### ૮. કર્ણવેધ સંસ્કાર

બાળકના જન્મ પછી એક વર્ષ બાદ કર્ણ વીંધવાની પ્રક્રિયાને કર્ણવેધ સંસ્કાર કહે છે. બાળકના બંને કાનમાં કોઈ નિષ્ણાત દ્વારા છેદન કરવામાં આવે છે. આ સંસ્કાર કરવાથી પુરુષને હર્નિયા અને સ્ત્રીને અંડકોષના રોગો થવાની સંભાવના ઓછી થઈ જાય છે. સાથે સાથે પુરુષોમાં નપુંસકતા અને સ્ત્રીમાં વંધ્યત્વ જેવી શારીરિક ખામીઓ દૂર થાય છે.

### ૯. ચૌલક્રિયા સંસ્કાર

બાળકના જન્મ પછી માથાના બધા વાળ પ્રથમ વખત દૂર કરવામાં આવે તે પ્રક્રિયાને ચૌલક્રિયાસંસ્કાર કહે છે. આ સંસ્કાર બાળક ત્રણ વર્ષનું થાય ત્યારે કરવામાં આવે છે. બાળક છ મહિનાનું થાય ત્યારથી ત્રણ વર્ષ સુધી દાંત આવે છે. આ સમયે માથાના અને વાળના

રોગોનું પ્રમાણ વધારે જોવા મળે છે. માથા ના રક્ષણ માટે બધા દાત નીકળ્યા પછી ચૌલક્રિયાસંસ્કાર કરવા જરૂરી છે. મુંડન કર્યા બાદ માથા પર સૂર્યના કોમળ કિરણો પડવાથી માથાના કોષોનો વિકાસ થાય છે. અને સાથે બાળકની બુદ્ધિનો પણ વિકાસ થાય છે. આપણા શાસ્ત્રોમાં પણ ઉલ્લેખ છે તે મુજબ મસ્તિષ્કમાં જુદી જુદી ગ્રંથિઓ આવેલી હોય છે. આ ગ્રંથિઓમાં પૂર્વ જન્મના કુસંસ્કાર હોય છે. ચૌલક્રિયાસંસ્કારથી પૂર્વજન્મના કુસંસ્કાર ઓછા થાય છે.

**૧૦. ઉપનયન સંસ્કાર**

ભારતીય જીવન પદ્ધતિમાં જ્ઞાનની પ્રધાનતાને મહત્વ આપવામાં આવ્યું છે. ઉપનયનનો શાબ્દિક અર્થ છે – નજીક લઈ જવું એટલે કે વિદ્યાર્થીને ગુરુ પાસે લઈ જવો. જન્મ પછી સાતમા વર્ષે આ સંસ્કાર કરવામાં આવે છે. અત્યાર સુધી બાળકનો વિકાસ પરિવારજનો દ્વારા થયો હતો હવે બાકીનો વિકાસ ગુરુદ્વારા થાય છે.

ઉપનયન સંસ્કાર દ્વારા તે શારીરિક તથા માનસિક રીતે સંયમિત બને છે. અત્યાર સુધી પરિવારજનોના વર્તન વ્યવહારના અવલોકન અને અનુકરણથી બાળકને સંસ્કાર પ્રાપ્ત થયા હતા. હવે તેને નિયમ અને શિસ્તની જરૂર હોય છે. ઉપનયન સંસ્કારથી બાળક સદાચાર, બ્રહ્મચર્ય, સાદગી અને શ્રમ જેવા વર્તન વ્યવહારોના સંસ્કાર ગ્રહણ કરે છે.

**૧૧. વેદારંભ સંસ્કાર**

વેદારંભ સંસ્કાર એટલે વિદ્યારંભ સંસ્કાર. અભ્યાસ શરૂ કરતાં પહેલા આ સંસ્કાર કરવામાં આવે છે. વિદ્યારંભ કરવો એ અત્યંત પવિત્ર ક્રિયા છે માટે તેની શરૂઆત અત્યંત શ્રદ્ધા અને ભાવથી થવી જોઈએ. પહેલાના સમયમાં ગુરુ પાસે રહીને જ અભ્યાસ કરવાનો હતો. ગુરુના આશ્રમમાં રહીને જીવનનો ઘનિષ્ઠતમ અનુભવ પ્રાપ્ત કરવાનો હતો. વર્તમાનમાં આ સંસ્કારનું મહત્વ નથી રહ્યું.

**૧૨. સમાવર્તન સંસ્કાર**

વેદારંભ સંસ્કાર બાદ શિષ્ય ગુરુના આશ્રમમાં રહીને ચાર વેદોનું અધ્યયન કરતો હતો. પ્રથમ બાર વર્ષ એક વેદનું સંપૂર્ણ અધ્યયન અને બાકીના વર્ષોમાં અન્ય ત્રણ વેદોનું થોડું થોડું અને જુદા જુદા ધર્મ શાસ્ત્રોનું અધ્યયન થતું હતું. વિદ્યાર્થી પચ્ચીસ (૨૫) વર્ષનો થાય ત્યારે વિદ્યાભ્યાસનો સમયગાળો પૂર્ણ થતો હતો. વિદ્યાભ્યાસ પૂર્ણ થયા બાદ વિદાય સમારંભ એટલે કે સમાવર્તન સંસ્કાર કરવામાં આવતા હતા. અધ્યયન બાદ ગુરુને એવું લાગે કે શિષ્ય ગૃહસ્થાશ્રમી બનવાના યોગ્ય છે ત્યારે જ તે ગૃહસ્થાશ્રમી બનતો હતો.

**૧૩. વિવાહ સંસ્કાર**

વિવાહ સંસ્કારનોસમય પચ્ચીસ (૨૫) વર્ષની ઉંમરની આસપાસનો છે. વિવાહ એક સામાજિક જવાબદારી છે જેમાં સંસ્કૃતિની પરંપરાને જાળવી રાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે. વિવાહ દ્વારા સંતાનની ઉત્પત્તિ કરવી એ પતિ–પત્નીનું પારિવારિક અને સામાજિક કર્તવ્ય છે. જેના થકીતે પિતૃદોષથીમુક્ત થઈ શકે છે માટે સમાજનું કેન્દ્ર બિંદુ પરિવાર છે.

**૧૪. વાનપ્રસ્થ સંસ્કાર**

જ્યારે પોતાના મોટા પુત્ર અથવા પુત્રી ગૃહસ્થાશ્રમ માટે સક્ષમ બની ગયા હોય છે ત્યારે આ સંસ્કાર કરવામાં આવે છે. આ સંસ્કાર જ્યારે સ્ત્રી–પુરૂષ 60 વરસ ના થાય ત્યારે કરવામાં આવે છે. આ સમયે ઘરની મોહમાયા થોડી ધર્મકાર્ય અથવા સમાજકાર્ય માં પ્રવૃત્ત થવાનું હોય છે. વર્તમાન સમયમાં આ તરફ દુર્લક્ષ્ય હોવાના કારણે પારિવારિક અનેક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. આ સમયે ધર્મશાસ્ત્રનાઅધ્યયનથીજીવનના ધ્યેય પ્રત્યેનો માર્ગ પ્રગટ થાય છે. આ સંસ્કાર સમયે દાન કરવાથી સંસારની મોહ–માયા પણ ઓછી થાય છે.

**૧૫. વાનપ્રસ્થ સંસ્કાર**

જ્યારે સ્ત્રી–પુરૂષ ૭૫ વર્ષની આયુના થાય ત્યારે આ સંસ્કાર કરવામાં આવે છે. આ સંસ્કારને માનવ જીવનના અંતિમ તબક્કાની પૂર્વ તૈયારીના રૂપમાં જોવાય છે. મનુષ્ય વાનપ્રસ્થ આશ્રમમાં રહીને જે કંઈ સમાજ લક્ષી સેવા કાર્યો કરે છે તેમાં આસક્ત થવાની સંભાવના રહે છે. માટે સંન્યાસ સંસ્કાર ના માધ્યમથી વ્યક્તિના મન પર એવો પ્રભાવ પડે છે કે એ જે કંઈ કરે છે તે પ્રભુ કરે છે. બધું ઈશ્વર પર છોડી ઈશ્વર ભક્તિમાં લાગી જવું તે જ આ સંસ્કારનો મુખ્ય ધ્યેય છે. આ સંસ્કાર થકી વ્યક્તિએ ષડરિપુ પર વિજય પ્રાપ્ત કરવાની સાધના કરવાની છે. નિત્ય મંત્ર જાપ, પ્રાર્થના, સાધનાથી પોતાના જીવનને ઉચ્ચ ચેતનામય બનાવવાનું છે. આ સંસ્કાર થકી વ્યક્તિ નિષ્કામ કર્મ કરે છે.

**૧૬. અંત્યેષ્ટિ સંસ્કાર**

મૃત્યુ દરેકને ડરાવનારી ઘટના છે પરંતુ તે એટલું સત્ય પણ છે. મનુષ્યના મૃત્યુ બાદ આ સંસ્કાર કરવામાં આવે છે. મૃત્યુ એ જીવનનો સહજ સ્વાભાવિક ક્રમ છે. મૃત્યુ થાય ત્યારે મૃતદેહના કાનમાં “ઓમ” નું ઉચ્ચારણ કરવું જોઈએ. મૃત્યુ બાદ ધાર્મિક ક્રિયા, દાનપુણ્ય કરવાથી જીવની ગતિ ઉન્નત દિશામાં થાય છે.

**પરિવાર અને સોળ સંસ્કાર**

ઉપરોક્ત સોળ સંસ્કાર મનુષ્યના જીવનને ઊર્ધ્વગતિ તરફ જવાનું માધ્યમ છે. પહેલાના સમયમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થાના કારણે વડીલો દ્વારા આ સોળ સંસ્કારોનું સમયાંતરે માર્ગદર્શન પ્રાપ્ત થતું હતું. જેથી આ સંસ્કારોનું જીવનપદ્ધતિમાં મહત્વ જળવાઈ રહેતું હતું. વર્તમાન પેઢી જીવનની આપા તાપી, આધુનિક જીવનશૈલી અને સંસ્કારોની ક્રિયા ને માત્ર એક ઔપચારિકતા સમજીને કરે છે. જેથી તેનું યોગ્ય ફળ પ્રાપ્ત થતું નથી, ઉપરાંત ઘણા બધા સંસ્કારો તો એવાં છે જેનું જ્ઞાન પણ માતા–પિતાને નથી હોતું, જેથી આ સંસ્કારો તો લુપ્ત જ થઈ ગયા છે. કેટલાક સંસ્કારો એવા છે જેની વ્યક્તિને ખબર તો છે પરંતુ તેનું યોગ્ય જ્ઞાન ન હોવાથી તે માત્ર એક રિવાજ બનીને રહી ગયા છે. ઉદાહરણ તરીકે વિવાહ સંસ્કાર– વર્તમાન પેઢી વિવાહ સંસ્કારનું મહત્વ મોટાભાગે મહત્વ સમજતી નથી.પારિવારિકસંમેલનો અને જાગરૂકતા કાર્યક્રમો દ્વારા પરિવાર ના માધ્યમથી આ સંસ્કારોને પુનઃ પ્રસ્થાપિત કરવાની જરૂરિયાત છે જેથી એક ઉત્તમ સમાજનું નિર્માણ શક્ય બને.